GJSK060000102026

## ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૦૧/૨૦૨૬ ના કામે આંક-૧ લગત હુકમ

(૧). ફરીયાદી : બકુલકુમાર ખીમજીભાઈ પટેલીયા , રહેવાસી : દંતોડ,તા.વિજયનગર, જિ.સાબરકાંઠાનાઓ ધ્વારા હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ : ૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી અત્રેની અદાલતની હકુમત બહાર રહેતા હોય નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા SUOMOTU WRIT PETITION (CRL)No. 2 of 2020, In Re. : EXPENDITIOUS TRIAL OF CASES UNDER SECTION 138 OF N.I.Act 1881, Dt.16/04/2021 ના રોજ આપેલ ચૂકાદાના પેરા-૨૪માં આપેલ ડાયરેકશન મુજબ હાલની ફરીયાદ ક્રિમીનલ ઈન્કવાયરીમાં મુકવા હુકમ કરેલ છે.

(૨). ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી પી.એચ.પટેલની રજુઆતો ધ્યાને લીધી. ફરીયાદીની ફરીયાદ તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદીએ સોગંદ ઉપર જણાવેલ હકીકત તેમજ ઈન્કવાયરીના કામે રજુ કરેલ પુરાવો ધ્યાને લીધો. હાલના કામે આરોપીએ ફરીયાદી પાસેથી લ્હેણી રકમ રૂ.૫૦૦૦૦૦/- ( અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લીધેલ, જે રકમની ફરીયાદી ધ્વારા આરોપી પાસે ઉઘરાણી કરતાં આરોપીએ હાલનો તકરારી ચેક આપેલ છે. જે ચેક રિટર્ન થતાં ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને કાનૂની નોટીસ પાઠવેલ છે. જે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા અંગેના પુરાવા રજુ કરેલ છે.જે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ તકરારી ચેક તેઓના ખાતામાં રજુ કરેલ છે અને તે રિટર્ન થતાં આરોપીને નોટીસ આપવામાં આવેલ છે અને તે બજી ગયેલ છે. જે બાદ ફરીયાદ દાખલ કરવા અંગે નું કારણ ઉત્પન્ન થયેલ હોઈ ફરીયાદીએ હાલની ફરીયાદ નિયત સમયમાં દાખલ કરેલ છે. તકરારી ચેક આરોપી પોતે નિભાવતા હોય તેવા ખાતામાંથી ઈસ્યુ થયેલ હોવાનું પ્રાર્થમિક દ્રષ્ટીએ જણાઈ આવે છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પ્રાથમિક તબકકે જણાય આવે છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપી સામે પ્રોસ ેસ ઈસ્યુ કરવામાટે પુરતુ અને વ્યાજબી કારણ જણાય આવે છે. જેથી આરોપી સામે નામદાર સુપ્રિમકોર્ટના INDIAN BANK ASSOCIATION & OTHERS Vs.. UNINON OFF INDIA, 2014 AIR SC 2528 નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અન્વયે આરોપી સામેની હાલની ઈન્કવાયરી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧).ફરીયાદીની હાલની ફરીયાદ ક્રિમીનલ રજીસ્ટરે નોંધવા હુકમ કરવામાં આવે છે.
(૨). આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ : ૨૨૭ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા સબબ મુદ્દત તારીખ: /૦૫/૨૦૨૬ના રોજનો સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.
(૩). હાલની ઈન્કાવાયરી ફૈસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૦૮મી માહે : એપ્રિલ . સને.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી,સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮/૦૪/૨૦૨૬
મુ.વિજયનગર.

**(એમ. એ. શેખ)**
જ્યુડી.મેજી.ફ.ક., વિજયનગર
(જજ કોડ નં. જીજે ૦૧૬૨૮)